**શ્રી જે.એસ.પરમાર,પ્રમુખ અધિકારીશ્રી, મજુર અદાલત, અમદાવાદ.**
**રેફરન્સ (એલ.સી.એ.) નં.૪૪૦/૨૦૧૫.**

**આંક—૧૨.**

**પ્રથમ પક્ષકાર :—**

**૧.** રાજ કોન્ટ્રાકટ એમ્પ્લોઈઝ સર્વિસીસ,
ઠે.૬૪/૫૬૯, પુષ્પક એપાર્ટમેન્ટ, નારણપુરા,
અમદાવાદ—૧૩.

**૨.** આંક—૬ ના હુકમથી ડીલીટ કરેલ છે.

**: વિ રૂ ધ્ધ :**

**બીજા પક્ષકાર :—**

**૧.** શકરાભાઈ લક્ષ્મણભાઈ મકવાણા,
ગામ—ચંદ્રાસ, તા.કડી, જિ.મહેસાણા.

પ્રથમ પક્ષકાર તરફે : શ્રી એલ.એચ.સોલંકી.
બીજા પક્ષકાર તરફે : ...

**: એ વો ર્ડ :**

આ કામે, અરજદાર ધ્વારા હાલનું આ માંગણાંનું નિવેદન તેઓએ મજુર કમિશ્નરશ્રી, સમક્ષ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરેલ, જેમાં સમાધાન શકય ન બનતાં તેઓને સમાધાન અધિકારીની કચેરી ધ્વારા તા.૨૧/૭/૨૦૧૫ ના રોજ પત્રથી જાણ કરવામાં આવેલ, કે તેઓ ઔદ્યોગિક અધિનિયમન હેઠળ મજુર અદાલત સમક્ષ કાર્યવાહી કરી શકે છે.

**૧.** હવે, કામદાર ધ્વારા રજુ કરેલ માંગણાંનું નિવેદન જોવામાં આવે તો તેમાં જણાવે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાઉસ સ્કીપીંગની કામગીરી ૧૯૯૮ થી કરતા હતા અને તેમનો છેલ્લો દૈનિક પગાર રૂા.૭૬/— હતો. વધુમાં, જણાવે છે કે પ્રથમ પક્ષકારનો જરૂરિયાત મંદ સંસ્થાઓને માણસો પૂરા પાડવાનો વ્યવસાય હતો અને તે મુજબ તેઓને સુનંદા ઈન્ડસ્ટ્રીઝ લિ.માં ફરજ સોંપવામાં આવેલ અને તે ફરજ તેઓએ ૧૯૯૮ થી ૨૩/૮/૨૦૦૦ સુધી બજાવેલ અને તેઓની પાસે ૧૩ કલાક જેટલું કામ લેવામાં આવતુ હતું અને અઠવાડીક રજા તેમજ તહેવારોની રજા આપવામાં આવતી ન હતી અને ૩૬૫ દિવસ વર્ષમાં કામ લેવામાં આવતુ હતું અને વધુમાં તેઓ જણાવે છે કે તેઓ ટ્રકમાંથી લોડીંગ અનલોડીંગ કરતા સમયે રેન્કમાંથી રોલ ઉપર પડી જતાં ડાબા પગે પંજામાં ઈજા થયેલ, આ અકસ્માત તેઓને ચાલુ નોકરીએ થયેલ અને ત્યારબાદ આ સંસ્થા વાળા તેઓને આણંદ ખાતે આવેલ ડોકટર પુરાણીની હોસ્પિટલમાં

સારવાર માટે લઈ ગયેલ અને તેની જાણ પ્રથમ પક્ષકારને કરેલ. વધુમાં, જણાવે છે કે આ અકસ્માતથી તેઓને ડાબા પગે ખોડ આવી ગયેલ અને અકસ્માતમાંથી સંપૂર્ણ સાજા થતાં તેઓને રૂા.૨૫,૦૦૦/– ખર્ચ થયેલ અને તે અકસ્માતના વળતરની વારંવાર માંગણી કરવા છતાં તેઓને આપેલ નહિ તેમજ અન્ય હકકો પણ ચૂકવેલ નહિ. આમ તેઓએ તેઓના હકકોની વારંવાર માંગણી કરતા પ્રથમ પક્ષકારે પોતાનો બદઈરાદો પાર પાડવા બળજબરી પૂર્વક હસ્તાક્ષરવાળું રાજીનામું લખાવડાવેલ અને કેટલાક કોરા કાગળો તેમજ લખાણ લખેલા કાગળો અને સ્ટેમ્પ ચોંટાડેલા વાઉચરો ઉપર સહીઓ કરાવડાવેલ અને તા.૨૩/૮/૨૦૦૦ ના રોજથી તેઓને નોકરીમાંથી કાઢી મૂકયા, આમ પ્રથમ પક્ષકારનું નોકરીમાંથી કાઢી મૂકવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવી પુનઃ સ્થાપિત થવા હાલનો આ કેસ કરેલ છે.

**૨.** આ કામે, પ્રથમ પક્ષકારોને નોટિસ કરતા પ્રથમ પક્ષકાર નં.૧ રાજ કોન્ટ્રાકટને નોટિસની બજવણી થયેલ અને તેમ છતાં તેઓ અદાલત સમક્ષ હાજર ન રહેતાં આંક–૫ ની અરજી પર હુકમ કરી તેઓનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ, જયારે બીજા પક્ષકાર ઘ્વારા પ્રથમ પક્ષકાર નં.૨ સુનંદા ઈન્ડસ્ટ્રીઝ લિ.ને આ કામેથી રદ કરવા અરજી કરેલ, જેમાં હુકમ કરી તેઓને આ કામેથી પ્રથમ પક્ષકાર નં.૨ તરીકે રદ કરવાનો હુકમ કરવામાં આવેલ.

**૩.** આ કામે, બીજા પક્ષકાર ઘ્વારા આંક–૮ થી જાુબાનીનું સોગંદનામું રજુ થયેલ, જયારે પ્રથમ પક્ષકાર તરફે શરૂઆતથી કોઈ હાજર ન હોય તેઓની ઉલટ કરવાનો હકક બંધ કરવામાં આવેલ, તેમજ આ કામે બીજા પક્ષકાર ઘ્વારા આંક–૯ થી પોતાનો પૂરાવો બંધ કરેલ છે અને બીજા પક્ષકારની આંક–૧૦ ની અરજી પર હુકમ કરી પ્રથમ પક્ષકારનો પૂરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે અને કામ હુકમ માટે લેવમાં આવેલ છે.

**૪.** આમ, ઉપરોકત હકીકતોએ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

.૧. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા ઘ્વારા ગેરકાયદેસર રીતે છૂટા કરવામાં આવેલ છે ?

.૨. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમજ આનુષાગિક લાભો સાથે તેમની મૂળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં પુનઃ સ્થાપિત થવા હકકદાર છે ?

.૩. આખરી શું હુકમ ?

**૫.** **નિર્ણયો.**

.૧. હકારમાં.

.૨. અંશતઃ હકારમાં.

.૩. આખરી હુકમ મુજબ.

**૭. કારણો.**

**મુ.નં.૧,૨.**

આ કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને કોઈપણ જાતના વાંકગુના વગર તા.૨૩/૮/૨૦૦૦ ના રોજ મૌખિક હુકમથી છૂટા કરેલાનું જણાવેલ છે અને તે સબંધે તેઓ ધ્વારા આંક–૮ થી જાુબાની સ્વરૂપ સોગંદનામું રજાુ કરેલ છે, જેની ઉલટ તપાસ કરવા પ્રથમ પક્ષકાર હાજર રહેલ નથી. આથી તેઓની ઉલટનો હકક બંધ કરવામાં આવેલ છે, આ સંજોગોમાં બીજા પક્ષકાર ધ્વારા સોગંદનામામાં જણાવેલ હકીકતો વણ–પડકારાયેલ રહેલ છે, તેમજ પ્રથમ પક્ષકાર ધ્વારા પણ બીજા પક્ષકાર ધ્વારા જણાવેલી હકીકતો વિરૂઘ્ધમાં કોઈ પૂરાવો રજાુ કરેલ નથી, આમ બીજા પક્ષકાર ધ્વારા સોગંદ ઉપર રજાુ કરેલ હકીકતો ન માનવાને કોઈ કારણ નથી, આથી મુ.નં.૧ નો જવાબ હકારમાં અને મુ.નં.૨ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવી આખરી મુદ્દા પરત્વે નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**: હુ ક મ :**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ અંશતઃ મંજાુર કરવામાં આવે છે અને બીજા પક્ષકારને સળંગ નોકરી ગણી પડેલા દિવસોના ૪૦% પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. બીજા પક્ષકારને ખર્ચ પેટે પ્રથમ પક્ષકારે રૂ.૨,૦૦૦/– ચૂકવી આપવા.

૩. આ એવોર્ડનો અમલ સરકારશ્રી ધ્વારા યોગ્ય રીતે પ્રસિઘ્ધ થયેથી દિન–૩૦ માં કરવો.

તારીખ : ૨૩/૧૧/૨૦૧૫.

સ્થળ : અમદાવાદ.

( જગદીશચંદ્ર સેંધાભાઈ પરમાર )
GJ01155
પ્રમુખ અધિકારી,
મજાુર અદાલત, અમદાવાદ.

H.M.PRAJAPATI:P.A.